ઉત્તર પ્રદેશમાં ૪૦ સીટ જીતવાની ભાજપની યોજના

લખનૌ,તા. ૧

ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપ ઓછામાં ઓછી ૪૦ બેઠકો જીતવાની વ્યૂહરચના ધરાવે છે. આના માટેની ગણતરી પણ કરવામાં આવી રહી છે. પક્ષના સૂત્રોએ કહ્યું છે કે ઉત્તર પ્રદેશમાં ભાજપના પ્રભારી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નજીકના સાથી અમિત શાહ દ્વારા એક આક્રમક વ્યૂહરચના તૈયાર કરી લેવામાં આવી છે. આ વ્યૂહરચના હેઠળ ઉત્તર પ્રદેશમાં ભાજપ ઓછામાં ઓછી ૪૦ બેઠકો જીતવાની યોજના ધરાવે છે. ભાજપના આંતરિક સૂત્રોનું કહેવું છે કે પક્ષના નેતાઓ, કાર્યકરો અને હોદેદારો સાથેની બે દિવસની બેઠક દરમિયાન અમિત શાહે એવી બેઠકો ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કર્યું હતું જ્યાં ભાજપે ૫૦ હજારથી પણ ઓછા મતે હારનો સામનો કર્યો હતો. ઉત્તર પ્રદેશમાં આવી ૧૧ બેઠકો છે. ભાજપ અન્ય બેઠકો ઉપર પણ નજર

કરવા માગે છે. ભાજપે છ એવી બેઠક ઉપર ૩૦ હજારથી પણ ઓછા મતે હારનો સામનો કર્યો હતો. વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઉત્તર પ્રદેશમાં ૧૭.૫ ટકા મત હિસ્સેદારી સાથે ૧૦ બેઠક જીતી હતી. જ્યારે કોંગ્રેસ પાર્ટીની મત હિસ્સેદારી ૧૮.૨૫ ટકાની હતી પરંતુ તેની બેઠકોની સંખ્યા વધીને ૨૧ ઉપર પહોંચી હતી જે ખૂબ સારો આંકડો છે. બાજપના સૂત્રોનું કહેવું છે કે પક્ષ અનુસૂચિત જાતી માટે અનામત રાખવામાં આવેલી ૧૭ લોકસભાની બેઠક ઉપર ધ્યાન કેન્દ્રીત કરશે. વર્ષ ૨૦૦૯ની સંસદીય ચૂંટણીમાં ભાજપે આ ૧૭ બેઠકો પૈકીની માત્ર બે જ બેઠક જીતી હતી જેમાં વન્સગાંવ અને આગ્રાનો સમાવેશ થાય છે. ભૂતકાળના પરિણામોનું નિરીક્ષણ કરવામાં આવ્યા બાદ એવું જાણવા મળી રહ્યું છે કે ભાજપે ઘણી બેઠકો જાળવી પણ રાખી છે.

અમિત શાહે પક્ષના કાર્યકરોને એમ કહ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે કે આ અનામત બેઠકો પૈકીની મોટાભાગની બેઠકો થોડાક વધુ સંયુક્ત પ્રયાસોથી જીતી શકાય છે. અસરકારક વ્યૂહરચના ખૂબ જરૂરી છે. આ મત વિસ્તારમાં દલિતોના મતને આકર્ષિત કરીને જીત મેળવી શકાય છે. અમિત શાહ પક્ષના કાર્યકરોને હિંદુ મત બેંકને જાળવી રાખવાની પણ વાત કરી છે. આનાથી પક્ષની વિશ્વસનીયતા વધુ મજબૂત થશે. અયોધ્યામાં રામ મંદિર અને અન્ય હિંદુત્વ સંબંધિત મુદ્દાઓના ફેર નિર્માણની પક્ષે કટિબદ્ધતા દર્શાવવી જોઈએ. અમિત શાહ હવે છઠ્ઠી જુલાઈના દિવસે અયોધ્યામાં એક બેઠકનું નેતૃત્વ કરનાર છે. અગાઉ આ બેઠક લખનૌમાં પણ યોજાનાર હતી. પરંતુ છેલ્લી ઘડીએ નિર્ણય બદલવામાં આવ્યો છે. પક્ષના વ્યૂહરચનાકારોનું કહેવું છે કે ભાજપ ૧૭ રિઝર્વ બેઠક પૈકી ૧૫ જીતી જશે તો ૪૦ બેઠકોના ટાર્ગેટને હાંસલ કરી શકાય છે.

ઉત્તરાખંડની તબાહીથી ચીનની સીમા ઉપર સેનાને ઝટકો

દહેરાદૂન,તા. ૧

ઉત્તરાખંડની આપત્તિએ ચીનની સીમા ઉપરનાં તમામ જિલ્લાઓમાં ભારતીય સેનાને ઝટકો આપ્યો છે. કારણ કે ૩૫૦ કિ.મી.માં ફેલાયેલ બોર્ડરને જોડતી મોટાભાગની સડકો ઠેર-ઠેર પુરનાં કારણે વહી ગઇ છે. જ્યારે જે માર્ગોનું કામ ચાલુ હતું તેનું લક્ષ્ય હવે આવનારા છ વર્ષ દરમિયાન પુર્ણ થઇ શકે તેવી પરિસ્થિતિ નથી. હાલમાં સીમા ઉપર સૈન્યનું વિસ્તૃતીકરણ કરવાની યોજના અને રાજયમાં સ્વતંત્ર માઉન્ટેન બ્રિગેડ સ્થાપિત કરવાની તૈયારી કેટલાક વર્ષ પાછળ ગઇ છે. ચીનની સીમા ઉપર સૈન્ય તેની રચના મજબૂત કરવા માટે લદ્દાખથી લઇને ઉત્તરાખંડ અને ઉત્તરાખંડથી લઇને સિક્કિમ સુધી માઉન્ટેન સ્ટ્રાઇક કોરની સ્થાપના કરવા માંગતી હતી.

આ યોજના માટે ઉત્તરાખંડ એક મહત્વની કડી હતી. જેમાં એક સ્વતંત્ર માઉન્ટેન બ્રિગેડ કાર્યરત કરવાની હતી. આ માટે સેનાએ રાજયનાં પર્વતીય વિસ્તારો અંગેનો એક પ્રસ્તાવ રાજયસરકારને પણ આપ્યો હતો. જેમાં સીમા સડક સંગઠન બીઆરઓને ૨૦૧૮ સુધીમાં ૪૮ નવા રસ્તાઓ બનાવવાનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. ગંગોત્રી અને નંદાદેવીમાં સેના તોપખાનાનાં અભ્યાસ માટે ફિલ્ડ ફાઇરીંગ રેન્જ બનાવવા માંગે છે. પરંતુ આ ક્ષેત્રમાં ભારે વરસાદનાં કારણે તમામ સંપર્કો તુટી ગયા છે. સેનાએ ૬૭ જગ્યાઓ ઉપર હેલિપેડ બનાવવા માટેનો પણ પ્રસ્તાવ મુક્યો હતો. આ ઉપરાંત વિભિન્ન યોજનાઓ માટે સેનાને ૨૨,૦૦૦ એકર જમીનની જરૂરીયાત છે. સેના માને છે કે ભારે વરસાદને કારણે જોશીમઠથી લઇને ઉત્તરકાશી અને ગંગોત્રી સુધીનાં તમામ માર્ગો બિસ્માર હાલતમાં છે. સડકો સાથેનું નેટવર્ક તુટી ગયું છે. સીમા સડક સંગઠનનાં પ્રોજેક્ટ શીવલીક અંતરગત હર્ષિલ અને જોશીમઠ ટાસ્ક ફોર્સને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. પ્રોજેક્ટ હિરક અંતર્ગત ચંપાવત અને તનકપુરની સડકો ખતમ થઇ છે. ભાણાગામથી ભાણાપાસ, ભૈરવાઘાટીથી નાગાસૌનમ અને કુમારા થઇને તીચોકલા સુધીનો માર્ગ પણ ખતમ થયો છે.

ચીન અને નેપાળની સીમા ઉપર સૈન્યને અવરજવર સરળ બનાવવા માટે આવનાર છ વર્ષો સુધી બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન બીઆરઓને ઉત્તરાખંડમાં ૪૫ સડકોનું નિર્માણ કરવાની જીમ્મેદારી સોંપવામાં આવી છે.

દેશનો પહેલો નેવિગેશન સેટેલાઈટ ઉપગ્રહ અવકાશની સફરે જવા તૈયાર

ચેન્નઈ,તા. ૧

આજે ભારત આપણું પોતાનું અને પહેલું નેવીગેશન સેટેલાઈટ ઉપગ્રહ આઈઆરએનએસએસ - ૧-એ મોડી રાત્રે શ્રીહરિકોટા અંતરિક્ષ કેન્દ્ર દ્વારા અવકાશમાં મોકલશે. આ ઉપગ્રહ સમુદ્રી નૌકા વહન અને દરિયાકિનારાની સીમાઓનું ધ્યાન રાખશે. અન્ય દેશો પર આ બાબતે ભારતે નિર્ભર રહેવું પડતું હતું ત્યારે સુરક્ષાની બાબતે આ ઉપગ્રહ ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે.

ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઈસરો) એ આ અભિયાનની મહત્ત્વની પીએસએલવીસી - ૨૨ રોકેટ મારફતે શ્રીહરિકોટા ખાતેનાં સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્ર દ્વારા રાત્રે ૧૧.૪૧ કલાકે આ ઉપગ્રહને છોડવાનું નક્કી કરવામાં આવ્યું છે. ઈસરોના પ્રવક્તા દેવીપ્રસાદે જણાવ્યું છે કે આ અભિયાનને અવકાશમાં મોકલવા માટે ૬૪ કલાકથી કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવ્યું છે. શનિવારે સવારે ૭ વાગ્યાથી આની શરૂઆત કરાઈ છે. આ ઉપગ્રહ ૧૪૨૫ કિલો વજન ધરાવે છે. ઈન્ડિયન રિઝીયોનલ નેવિગેટર સેટેલાઈટ સિસ્ટમનો આ

પહેલો ઉપગ્રહ છે. ૧૦ વર્ષ આ સેટેલાઈટ ઉપગ્રહ ભારતને ૧૫૦૦ કિલોમીટરની હદ સુધી સમય, પોઝિશનની ટાઈમીંગ સાથે જાણકારી આપશે.

આઈઆરએનએસએસ-૧એમાં બે પ્રકારના પે-લોડ મૂકાયા છે. જેને ૨૦ મિનિટના અંતરે આંતરિક્ષમાં છોડવામાં આવશે. આ જ શ્રેણીના ૭ સેટેલાઈટ ૨૦૧૫ સુધીમાં ક્રમવાર અવકાશમાં મોકલવામાં આવશે. આ સંપૂર્ણ યોજના પાછળ કુલ ૧૪૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

આ સેટેલાઈટ દ્વારા હવે જમીન, હવાઈ અને સમુદ્રનું નેવિગેશન, આપત્તિ પ્રબંધન, વાહનો ઉપરની નિગરાની, ફ્લીટ મેનેજમેન્ટ સહિત તમામ ફાયદાઓ મળશે. આઈઆરએનએસએસ સિસ્ટમ હેઠળ ત્રણ સેટેલાઈટ ઝિયોસ્ટેશનરી અને ૪ ઝિયોસીનક્રોનસ કક્ષામાં ૩૬૦૦૦ કિલોમીટર ઊંચાઈ ઉપર સ્થાપિત કરવામાં આવશે.

આ ઉપગ્રહ છોડવા માટે પીએસએલવી એક્સએલનો ઉપયોગ કરાશે. જે આ રોકેટનું ૨૪મું મિશન હશે. ૧૯૯૩ના મિશનને બાદ કરતા ફેબ્રુઆરી સુધીના તમામ ૨૨ પ્રક્ષેપણ સફળ રહ્યા છે. આ પહેલા ચંદ્રયાણ પ્રથમ, જીસેટ-૧૨ અને રિસેટ-૧માં એક્સએલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સેટેલાઈટમાં બે સોનલ પેનલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ આજે દેશનું પહેલુ નેવિગેશન સેટેલાઈટ મધ્ય રાત્રીએ લોન્ચ થઈ રહ્યું છે ત્યારે ભારતે હવે સુરક્ષાના મામલે અન્ય દેશોના ઉપગ્રહો ઉપર નિર્ભર થવું પડશે નહીં. દરિયા કિનારાના તમામ વિસ્તારો અને વાહન વ્યવહાર સહિત તમામ બાબતોનો આ ઉપગ્રહ નિરીક્ષણ કરશે અને તેને લગતી જાણકારી ઈસરોને મોકલશે. જેના કારણે જમીન, હવાઈ અને દરિયા કિનારાના તટીય વિસ્તારો વધુ સુરક્ષિત બનશે.

પાકિસ્તાન બોમ્બ વિસ્ફોટમાં ૪૫નાં મોત

ઈસ્લામાબાદ,તા. ૧

પાકિસ્તાનમાં થયેલા અલગ અલગ શહેરોમાં બોમ્બ વિસ્ફોટમાં અંદાજે ૪૫ લોકોનાં મોત થયા છે અને કેટલાક લોકો ગંભીરરૂપે ઘાયલ થયા છે. ગઈકાલે થયેલા એક બોમ્બ વિસ્ફોટમાં ૧૦ જેટલો મૃત્યુઆંક સત્તાવારે નોંધાયો હતો જે અત્યારે ૪૫ ઉપર પહોંચ્યો છે. ક્વેટામાં થયેલા આત્મઘાતી હુમલામાં ફરી એકવાર શીયા મસ્જીદને નિશાન બનાવવામાં આવ્યો છે. જેમાં ઓછામાં ઓછા ૨૮ લોકોનાં મોત થયા છે. થોડા સમય પહેલા પેશાવરમાં સુરક્ષાકર્મીઓનાં કાફલા ઉપર કારબોમ્બથી ધડાકો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૧૭ લોકોનાં મોત થયા હોવાનું જાણવા મળે છે જેમાં બાળકો પણ સામેલ છે. પાકિસ્તાનનાં પ્રધાનમંત્રી નવાઝ શરીફે કહ્યું હતું કે ચરમપંથીઓની સામે નવા જોશ અને સપ્નાઈથી કામ લેવામાં આવશે. હાલમાં બ્રિટનનાં પ્રધાનમંત્રી ડિવડ કેમરન પાકિસ્તાનની મુલાકાતે છે ત્યારે પાકિસ્તાનનો આ બોમ્બ વિસ્ફટોનો સીલસીલો પાકિસ્તાન માટે મુશ્કેલી સર્જી શકે છે.

નવાઝ શરીફે ક્વેટામાં હિંસાને રોકવા માટે રણનીતી જાહેર કરવાનું દબાણ કર્યું છે. ક્વેટામાં આ પહેલા પણ થયેલા હુમલાઓ રોકવામાં મળેલી નિષ્ફળતા ઉપર સ્પષ્ટતા માંગવામાં આવી રહી છે. હજુ સુધી એ બાબત સ્પષ્ટ થઈ નથી કે આ હુમલાઓ પાછળ ચરમપંથી સંગઠનનો હાથ છે કે આતંકવાદીઓનો. છેલ્લા બે સપ્તાહ દરમિયાન, વિદ્યાર્થીઓ, વિદેશી પર્વતારોહક અને વરિષ્ઠ જજનાં કાફલા ઉપર હુમલો કરાયો હતો. ક્વેટામાં લઘુમતિ કોમનાં શિયા સમુદાયનાં લોકોને સુન્ની ચરમંપથી સમુદાય નિશાન બનાવી રહ્યો છે. પોલીસનાં જણાવ્યાં અનુસાર રવિવારે થયેલા એક આત્મઘાતી હુમલામાં સાઈકલ ઉપર સવાર એક સ્થાનિક શિયા મસ્જીદ ઉપર હુમલા માટે જઈ રહ્યો હોવાનું જણાયું હતું. પરંતુ તેને રસ્તામાં જ રોકી લેતા બોમ્બ ત્યાંજ વિસ્ફોટ થયો હતો અને તેના કારણે થયેલા ધમાકામાં નવ મહિલાઓ એક બાળકી અને ચાર છોકરાઓ મૃત્યુ પામ્યા હતા.

ફિક્સ્ડ ફી માટે અનલિમિટેડ રોમિંગની વિધિવત શરૂઆત

નવી દિલ્હી,તા. ૧

એસએમએસ મારફતે રેલવે ટિકિટ બુકિંગ અનેફિક્સ્ડ ફીની ચૂકવણી પર અનલિમિટેડ રોમિંગ આજથી વિધિવતરીતે અમલી બની જતા આનો સીધોફાયદોમોટી સંખ્યામાંલોકોનેથશે. સરકાર દ્વારા ગયા સપ્તાહમાં જ આ મહત્વપૂર્ણનિર્ણય લેવામાંઆવ્યા હતા. ફિક્સ્ડ ફીની ચૂકવણી પર ફ્રી મોબાઈલ રોમિંગની મંજુરીના ટેલિકોમ રેગ્યુલેટર ટ્રાઈના નિર્ણયની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી. ગયા સપ્તાહમાં જ આની લીલીઝંડી મળી ગઈ હતી. આજથી આ સુવિધા અમલી બનાવી દેવામાં આવી હતી. આ નિર્ણયથી રાષ્ટ્રીય રોમિંગ ચાર્જમાં ૫૭ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. ટ્રાઈ દ્વારા ક્યારે ફિક્સ્ડ ફીની ચૂકવણી પર મફત મોબાઈલ રોમિંગની સુવિધા અપાશે તેને લઈને અટકળો પણ ચાલી રહી હતી. ટ્રાઈના ચેરમેન રાહુલ ખુલ્લરે આજે દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યુ હતુ કે સત્તાવાળાઓએ રોમિંગ કોલ અને એસએમએસ રેટ માટે અપર પ્રાઈઝ અથવા તો મર્યાદા ઘટાડવાનો નિર્ણય કર્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આ રોમિંગની યોજનાઓ પોસ્ટ કસ્ટમરોને લાગુ પડશે. વર્ષ ૨૦૦૭માં ટ્રાઈ દ્વારાનક્કી કરવામાં આવેલા રોમિંગના ચાર્જ પર મર્યાદા આઉટ ગોઈંગ કોલ માટે પ્રતિ મિનિટ રૂપિયા ૧.૪૦ની હતી જ્યારે આઉટ ગોઈંગ એસટીડી કોલ માટે પ્રતિ મિનિટ રેટ જુદો હતો. જ્યારે આઉટ ગોઈંગ એસટીડી કોલ માટે પ્રતિ મિનિટ ૨.૪૦ની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. આ મર્યાદા હવે આઉટ ગોઈંગ લોકલ કોલ માટે પ્રતિ મિનિટ ઘટાડીને એક રૂપિયો કરી દેવામાં આવી છે જ્યારે આઉટ ગોઈંગ એસટીડી કોલ માટે મર્યાદા ઘટાડીને ૧.૫૦ કરી દેવામાં આવી છે. આવી જ રીતે રાષ્ટ્રીય રોમિંગ પર મર્યાદા ઈનકમિંગ કોલ માટે પ્રતિમિનિટ ૧.૭૫થી ઘટાડીને પ્રતિમિનિટ ૭૫ કરવામાં આવી છે. નવા પ્લાનમાં ૨૫ ટેરિફ પ્લાન હશે. દરમિયાન ભારતીય રેલવે દ્વારા પણ એસએમએસ આધારિત ટિકિટિંગ સેવા શરૂ કરી દીધી છે. આના માટે બે નંબર ૧૩૯ અને ૫૬૭૬૭૧૪ રાખવામાં આવ્યા છે. આ સેવા આજથી શરૂ થઈ છે. ભારતીય રેલવેની કેટરિંગ અને ટ્યુરિઝમ કોર્પોરેશન દ્વારા પાઈલોટ પ્રોજેક્ટ તરીકે આની શરૂઆત કરાઈ છે.

વિચાર યાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

આવા અડિયલ લોકો વ્યક્તિગત રીતે પોતાની આસપાસના વર્તુળોમાં રહેતા લોકોને હેરાન કરે તે કદાચ ક્ષમ્ય છે, પણ જાહેરજીવનમાં આખા સમાજનો ઠેકો લઇને બેસવાની જીદ કરતાં આવા હઠીલા વ્યક્તિ આખા સમાજનો ઘડો-લાડવો કરી નાખે છે. રાજકારણ એ આનું નમૂનારૂપ દૃષ્ટાંત છે. બાયપાસ સર્જરી કરાવ્યા પછી, ડગમગુ ચાલે બેબી સ્ટેપ ભરતાં દંભી બુઢ્ઢા રાજકારણીઓ કોઇ યુવાન નેતાને આગળ વધવા જ દેતા નથી. પોતે પલંગમાં સૂતા છે પણ ખુરશીની માયા છૂટતી નથી. યુવાન નેતા પ્રગતિના શિખર સર કરે એ દાદાજીઓની સહન થતું નથી.

ખેર, કુનેહપૂર્વક પ્રેમથી કામ લેતા આવડે તો અમે અડધા-અડધા થઇને માથા પર મુકી દઇએ એવા છીએ, પણ ના! ગુસ્સો, હઠ, જિદ, અભિમાનથી કામ કરો તો પછી સામે એવો જ પ્રતિસાદ સાંપડે ને! બાકી વડીલોના આશીર્વાદ વગર તો યુવાપેઢી સ્ટાર્ટર વરગની ટ્યુબલાઇટ જેવી છે. રેગ્યુલેટર વગરનાં પંખા જેવી છે, અમારી ગતિ તમારા હાથમાં છે, ક્યારે તેને તીવ્ર કરવી અન ક્યારે ધીમી કરવી તેનો હક્ક તમારી પાસે જ છે, પરંતુ તમે તો રેગ્યુલેટરની સ્વીચ શૂન્ય પર મુકીને લાકડાથી પાંખિયા હલાવવાની ચેષ્ઠા કરો તો પાંખિયા તો વાંકા જ થવાના ને!

બાકી યુવાન અને વૃદ્ધ તો અંતે મનથી જ થવાય છે, વૃદ્ધાવસ્થામાં પણ યૌવનનો તરવરાટ, સમય સાથે ડગ માંડવાની તૈયારી જતું કરવાની ભાવના હોય તો કોઇ પણ ઉંમર તમને 'ડોસા' નહીં બનાવે, આજે સમાજમાં એવા ઘણા દાખલા મળે છે જે વ્યક્તિ ઉંમરનાં અસ્તાચળે અદ્વિતીય સફળતા મેળવે છે. અમિતાભ બચ્ચન તેમની સેકન્ડ ઇનિંગમાં અણનમ સદી નોંધાવી અડીખમ ઊભા છે. આમ, સમય સાથે તાલ મિલાવતા ઘણા એવા વડીલ છે જેમને સન્માન મેળવવા જવું પડતું નથી, સામેથી સત્કાર અને આદરનો હાર એમને ગળે વીટળાય છે. ભાવાવેશમાં સત્ય જરા ઉગ્રતાથી કહેવાઇ ગયું હોય તો બાળક સમજી માફ કરજો અમે 'સમાધાન' ના હોર્ડિંગ લઇને ચાલીએ છીએ ત્યારે તમે સમાધાન, જતું કરવું ની ચબરખી તો સાથે રાખજો!

કરણ, ઈમ્તિયાઝ, અયાનની નજરોમાં દીપીકા નંબર વન

મુંબઈ, તા. ૧

આજકાલ દીપીકા પાદુકોણ ચારે બાજુ છવાયેલી છે. બોલીવુડના મોટા ડાયરેક્ટરોનું માનવું છે કે દીપીકા આવનારા સમયની નંબર વન અભિનેત્રી છે. ડાયરેક્ટરો પોતાના કલાકારોની સારી એવી ઓળખાણ હોય છે.

ફિલ્મ કોકટેલમાં દીપીકાએ પોતાના અભિનયને બહુ જ સારી રીતે પ્રદર્શિત કર્યો હતો ત્યારબાદ એક પછી એક હિટ ફિલ્મો આપતી ગઈ. પછી થી રેસ - ૨ હોય કે જવાની દીવાનીમાં દીપીકા એ પોતાના એક્ટિંગના જલવા ચારે બાજુ દેખાડ્યા છે. કેટલાક મોટા ડાયરેક્ટરોનો સાથ તેને મળી રહ્યો છે. હાલ પણ તેની ઘણી મોટી ફિલ્મોની ઓફર આવી રહી છે. ઈમ્તિયાઝ સાથે દીપીકાએ પહેલીવાર લવ આજકલમાં કામ કર્યું છે. ઈમ્તિયાઝને વિશ્વાસ હતો કે તે એક દિવસ નંબર વનનો તાજ હાંસલ કરી લેશે. દીપીકાનું માનવું છે કે ઈમ્તિયાઝ એ પહેલો માણસ છે કે જેણે તેની સાથે બેસીને તેની શખ્શિયતને સમજવાની કોશિશ કરી હતી.

કુલ ૨૧૬૮ લોકોનો કાફલો અમરનાથ દર્શન માટે રવાના

જમ્મુ,તા. ૧

વાર્ષિક અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે આગળ વધી રહી છે. અમરનાથ યાત્રામાં હજુ સુધી ચાર દિવસમાં હજારા શ્રદ્ધાળુઓ દક્ષિણ કાશ્મીરમાં હિમાલયમાં અમરનાથના દર્શન કરી ચુક્યા છે. શિવલીંગના દર્શન માટે આજે સવારે ૨૧૬૮ શ્રદ્ધાળુઓના પાંચમો કાફલો રવાના થયો હતો. મળેલી માહિતી મુજબ ૧૬૦૦ શ્રદ્ધાળુઓએ આજે સવારે અમરનાથ ગુફામાં શિવલીંગના દર્શન કર્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે કાશ્મીરના પહેલગામ અને બાલતાલ સ્થિત બે બેઝકેમ્પથી સવારે ૫.૩૫ વાગ્યે ૨૧૬૮ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. આ નવા શ્રદ્ધાળુ ૮૦ વાહનોમાં જમ્મુ સ્થિત ભગવતી નગર બેઝકેમ્પથી રવાના થયા હતા. પોલીસે કહ્યુ હતુ કે આ નવા કાફલામાં ૧૫૨૫ પુરુષો, ૪૬૦ મહિલાઓ, ૩૫ બાળકો ઉપરાંત ૧૪૮ સાધુસંતોનો સમાવેશ થાય છે. આજના કાફલાની સાથે જ જમ્મુ સ્થિત બેઝ કેમ્પથી અમરનાથ માટે ૯૯૭૪ શ્રદ્ધાળુઓ રવાના થઈ ચુક્યા છે. આ ઉપરાંત આજે સવારે બાલતાલ સ્થિત બેઝકેમ્પથી અમરનાથ માટે ૬૩૮૧ શ્રદ્ધાળુ રવાના થયા હતા. છેલ્લા ચાર દિવસમાં ૩૭૦૦૦ શ્રદ્ધાળુઓ અમરનાથના દર્શન કરી ચુક્યા છે. આમાથી ૩૫૬૨૭ શ્રદ્ધાળુઓએ ગઈકાલ સુધી હિમશિવલીંગના દર્શન કર્યા હતા. જ્યારે ૧૬૦૦ શ્રદ્ધાળુઓએ આજે દર્શન કર્યા હતા. વાર્ષિક અમરનાથ યાત્રા બે મહિના સુધી ચાલનાર છે. અમરનાથ યાત્રાને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. યાત્રા દરમિયાન કોઈ પણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પણ સાવચેતીના પગલા લેવામાં આવ્યા છે.

ઉત્તરાખંડ પુર હોનારત

૩૦ દિવસમાં નહીં મળે તેવી વ્યક્તિઓ મૃત જાહેર કરાશે

ઉત્તરાખંડ, તા. ૧

ઉત્તરાખંડમાં મુખ્યમંત્રી વિજય બહુગુણાએ જાહેર કર્યું છે કે ૩૦ દિવસમાં જો લાપતા લોકો મળી આવશે નહીં તો તેમને મૃતક જાહેર કરવામાં આવશે અને તેમને વળતર પણ આપવામાં આવશે અને અત્યાર સુધીમાં ૩૦૦૦ લોકો લાપતા હોવાની સરકાર ને માહિતી મળેલ છે અને આ લોકો એવા લોકો છે જેમની જાહેરાત અન્ય રાજ્યોમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બહુગુણા એ ગઈકાલે જણાવ્યું હતું કે લાપતા લોકો વિશે માહિતી મેળવવા માટે અધિકારીઓની એક ટીમ લાગેલી છે. પીડિતો ને ફાસ્ટ્રેક કોર્ટના માધ્યમથી વળતર આપવમાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઉત્તરાખંડના પુરમાં કેટલા લોકો માર્યા ગયા છે તેનો આંકડો જાણી શકાશે નહીં. તેમણે વિધાનસભાના અધ્યક્ષ ગોવિંદસિંહ કુંજવાલના દસ હજાર લોકોના આંકને ખોટો ગણાવ્યો છે. વધુમાં તેમણે કહ્યું હતું કે મૃતદેહ જુદા-જુદા સ્થળેથી મળી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ૧૫૦ પંડિત લાપતા છે. અન્ય લાપતા લોકોને તેમના રાજ્યમાંથી પીડિત લોકોને વળતર આપવામાં આવશે. ગઈકાલે મુતદેહોનાં અંતિમ સંસ્કાર ચાલી રહ્યાં હતાં. અંતિમ સંસ્કાર પહેલાં મૃતદેહોનાં ડીએનએ સેમ્પલ લેવામાં આવી રહ્યાં છે. રાજ્યના બીજા વિસ્તારોમાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે. સરકારે ડીઆઈજી સંજય ગુજીયાલ ને આ કામગીરી સુપ્રત કરી છે.

વરસાદ અને પૂરથી તબાહ થઈ ગયેલા અનેક માર્ગો ફરી શરૂ કરી શકાયાં છે. જેમાં જોશીમઠથી ગોવિંદઘાટ વચ્ચેનો રસ્તો અને ગુપ્તકાશી થી ગોરીકુંડ, ઉત્તરકાશી અને ગંગક્ષેત્રી જતાં મુખ્ય માર્ગો છે. જે તે રાજ્યોના પીડિતોને તેમના રાજ્યમાં વળતર મેળવવા માટે નજીકનાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવી પડશે. ત્યારબાદ આ ફરિયાદ ઉત્તરાખંડ પીડિતોની યાદી મોકલશે તેની સાથે સરખાવવામાં આવશે અને તેના આધારે ઉત્તરાખંડ સરકાર જે-તે રાજ્યોના મુખ્ય સચિવોને વળતર મોકલી દેશે અને ત્યારબાદ સચિવો દ્વારા કે ફાસ્ટ્રેક કોર્ટ દ્વારા વળતર ચુકવી આપવામાં આવશે. ઉત્તરાખંડ સરકાર હજુ પણ ૨૦૦ જેટલાં ગામોનો સંપર્ક કરી શકી નથી. કારણ કે ત્યાં પહોંચવા માટેના તમામ માર્ગો બંધ થઈ ચુક્યા છે. આમ તમામ ગામોમાં હજુ બે માસની અન્ન સામગ્રી હોવાની મનાઈ રહ્યું છે.

આ સ્થળોએ પહોંચવા માટે નિષ્ણાતોની સલાહ લેવામાં આવી રહી છે. કેદારનાથમાં પંડિતોના સંગઠન કેદારસભા એ માહિતી આપી છે કે ઉત્તરાખંડના ૧૫૦ જેટલાં પંડિતો લાપતા છે. હજુ પરિવારના સભ્યોને હજુ મૃતદેહોની ઓળખ માટે મોકલાયા નથી.

સમાજચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

સહનશીલતા એ નબળાઇ હરગીઝ નથી. સહનશીલતા એ જ કેળવી શકે જેનો ક્રોધ પર કાબુ હોય. સહનશક્તિ ક્યારેક મોટા નિર્ણયો લેતા અટકાવે છે. સહનશીલતાથી નમ્રતા એ નાનમ નથી પણ માનવીય સદ્‌ગુણ છે. સહનશીલતાનો ત્યાગ એટલે અજંપો, અશાંતિ અને બેચેની. સ્ત્રીઓ જો સહનશીલતા ન કેળવે તો કંઇ કેટલાય જીવન બાગ વેરાન બની જાય. સોનાને શુદ્ધ થવા અગ્નિનો પ્રચંડ તાપ સહન કરવો પડે. લોખંડ હથોડાના ઘા સહન કરે ત્યારે જ ઓજાર બની શકે. બીજને વૃક્ષ બનતાં પહેલાં જમીનમાં દટાવું પડે. સહનશીલતા સર્વે સદ્‌ગુણોની જનેતા છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

અંતમાં એક નાનકડી પણ સમજવા જેવી વાત છે... લગ્નના પ્રારંભે બરાક ઓબામા અને મિશેલીનું દાંપત્યજીવન અત્યંત સરળ હતું. પણ પુત્રીનું આગમન થયા બાદ દીકરીની સંભાળ રાખવા બાબતે બંને વચ્ચે તકરાર થવા લાગી. પણ ઓબામાએ પ્રમુખ પદ માટે જ્યારે ઉમેદવારી નોંધાવી ત્યારે વર્ષે પોણા બે કરોડ કમાતી મિશેલીએ નોકરી છોડી દીધી... દીકરીઓની સારસંભાળ રાખવા માટે... દાંપત્યજીવન ટકાવવા કેટલો મોટો ત્યાગ...?

સમાચાર ઝલક

- ઉત્તરાખંડમાં મૃતકો વિશે ચોક્કસ માહિતી મળી શકશે નહીં : મુખ્યમંત્રી બહુગુણા.
- તાજમહેલ બન્યો દુનિયોનો ત્રીજો સૌથી ચર્ચિત સ્મારક.
- રથયાત્રા પહેલાં અખાડા તૈયારીઓમાં વ્યસ્ત.
- ધોલેરાને સ્પેશિયલ રિજીયન તરીકે વિકસાવવા હિલચાલ.
- એન.એફ.ડી.સી.ને ગુજરાત ફિલ્મ 'ધ ગુડ રોડ' માટે નેશનલ એવોર્ડ.
- દિપીકા પાદુકોણ નંબર વન અભિનેત્રી બનવા તરફ, તેની પાસે શ્રેણીબદ્ધ ફિલ્મો હાથમાં.
- બનાવટી નોટ સામે બેંકોએ ગ્રાહકને પુરી રકમ આપવી પડશે : રિઝર્વ બેંકનો પરિપત્ર.
- સ્ટેટ બેંક તરફથી મોબાઇલ એસએમએસનો ચાર્જ માસિક રૂા. ૫નો લાગશે.
- અમરનાથ યાત્રા ભારે વરસાદનાં પગલે રોકવામાં આવી.
- ગ્રામ રૂટો પર ખાલીખમ દોડતી એસ.ટી. બસો, દૈનિક ટ્રાફિકમાં ઘટાડો, સરકારની આવકમાં ગાબડું.
- દેશભરમાં સરેરાશ કરતાં ૩૭% વધુ વરસાદ.
- બેંક લાઇસન્સ મેળવવા માટે ૩ ડઝન કંપનીઓ મેદાનમાં.
- મહિલા સબ ઇન્સ્પેક્ટર પર દુષ્કર્મ માટે જ્યુ.મેજિસ્ટ્રેટ જેલમાં.
- કાશ્મીર સરહદ પરથી ૩ ચાઇનીઝ જાસૂસ પકડતી આર્મી.
- ભારતીય ક્રિકેટ ટીમ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની વાર્ષિક કમાણી અઘધ ૧૫૧ કરોડ પરંતુ ઉત્તરાખંડનાં પીડિતો માટે એક પણ ફદીયું આપ્યું નથી...!
- સ્ટોકિસ્ટોની વેચવાલીના પગલે પીલાણ મગફળીમાં